# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat 395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014


DONATE LIFE™
an initiative for organ donation

તા: ૧૧/૦૨/૨૦૧૬
સુરત

રેફ નં.

તંત્રી શ્રી. ______________________

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ લિ. માંડલેવાલા, પ્રમુખ

---

## બ્રેનડેડ કાંતિભાઈ માંગુકિયાના પરિવારજનોએ તેમના અંગોનું દાન કરાવી ત્રણ વ્યક્તિઓને નવું જીવન અને બે વ્યક્તિઓને નવી દ્રષ્ટિ આપી સમાજને નવી દિશા બતાવી.

નામ : કાંતિભાઈ લક્ષ્મણભાઈ માંગુકિયા ઉ. વ. ૫૦ બ્લડ ગ્રુપ : O+ (વ્યવસાય : ખેતીવાડી.)

રહેવાસી : D/૩૦૨, અનુષ્ઠાન રેસીડેન્સી, રોયલ રેસીડેન્સીની બાજુમાં, વેડ઼ર રોડ, મોટા વરાછા, સુરત.

મૂળ રહેવાસી : ગામ: ઘેટી, (પ્લોટ વિસ્તાર) તાલુકો: પાલીતાણા જીલ્લો: ભાવનગર.

કૌટુંબિક વિગત : પત્ની : કૈલાશબેન કાંતિભાઈ માંગુકિયા ઉ. વ. ૪૭

પુત્ર : ૧. હીરેશ કાંતિભાઈ માંગુકિયા ઉ.વ. ૨૮

૨. મૌલિક કાંતિભાઈ માંગુકિયા ઉ.વ. ૨૫

બનાવની વિગત:

સોમવાર તા. ૮ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ કાંતિભાઈ સામાજીક કાર્યમાં હાજરી આપવા સુરત થી પાલીતાણા જવા બસમાં નિકળ્યા હતા. મંગળવાર તા. ૯ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ પાલીતાણા મુકામે સવારે ૮:૩૦ કલાકે બસમાંથી ઉતરી થોડુ ચાલતા ચક્કર આવતા પડી ગયા હતા. તેઓને તેમને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા, ત્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે તેમને ભાવનગરની મેરૂ નર્સિંગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. ત્યાં ડોક્ટર દ્વારા સી. ટી સ્કેન કરતા બ્રેઈન હેમરેજ હોવાનું નિદાન થયું. પરિવારજનોએ સુરત માં રહેતા તેમના નજીકના સંબંધી ન્યુરોફીઝીશ્યન ડૉ. શૈલેશ માંગુકિયાનો ટેલીફોનીક સંપર્ક કરી કાંતિભાઈની પરિસ્થિતિ અંગેની માહિતી આપી ન્યુરોફીઝીશ્યન ડૉ. શૈલેશ માંગુકિયાએ તેમને સુરત લાવવા અને આયુષ આઈ. સી. યુ. એન્ડ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલમાં દાખલ કરવાની સલાહ આપી. બુધવાર તા. ૧૦ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ પરિવારજનોએ કાંતિભાઈને ભાવનગરની મેરૂ નર્સિંગ હોસ્પિટલ થી સુરત લાવી આયુષ આઈ. સી. યુ. એન્ડ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલમાં રાત્રે ૨:૦૦ કલાકે ન્યુરોફીઝીશ્યન ડૉ. શૈલેશ માંગુકીયાની સારવાર હેઠળ દાખલ કર્યા અને સારવાર શરૂ કરવામાં આવી.

૨...


Nilesh Mandlewala, President, +91 98256 09922 | Sandeep Kumar, IRS, Vice President, +91 81307 81031 | Rakesh Jain, Hon. Secretary, +91 98241 10349 | Ramesh Malpani, Hon. Treasurer, +91 98253 71626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014


DONATE LIFE™
an initiative for organ donation



બુધવાર તા. ૧૦ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ ન્યુરોફીઝીશ્યન ડૉ. ભરેશ માંગુકીયા અને ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રાએ કાંતિભાઈ માંગુકીયાને બ્રેઈનડેડ જાહેર કર્યા.

આયુષ આઈ. સી. યુ. એન્ડ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલના ચીફ મેડીકલ ઓફીસર ડૉ. રમેશ પટેલે ડોનેટ લાઈફ ના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી કાંતિભાઈના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

નીલેશ માંડલેવાલાએ ન્યુરોફીઝીશ્યન ડૉ. ભરેશ માંગુકીયા અને કાંતિભાઈના પરીવારજનો સાથે ટેલીફોન પર કાંતિભાઈના બ્રેન ડેડ અંગેની વાત કરી પરિવારના સભ્યોને અંગદાનની પ્રવૃતિની જાણકારી આપી અને અંગદાનનું મહત્વ સમજાવ્યું.

કાંતિભાઈના પરિવારના સભ્યોએ જણાવ્યું કે જ્યારે અમારું સ્વજન બ્રેનડેડ થઈ ચુક્યું છે અને તેમને મૃત્યુ નિશ્ચિત જ છે અને શરીર બળીને રાખ થઇ જાય તેના કરતા તેઓના અંગોનું દાન કરીને કોઈકના લાડકવાયાનું જીવન બચતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમે આવી બે કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું, જ્યારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયા એ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી કિડની પૈકી એક કિડની સુરતના વિભાબેન વસરામભાઈ વાણીયા ઉ. વ. ૪૧ જ્યારે બીજી કિડની સુરેન્દ્રનગરના હરેશ લાલજીભાઈ પરમાર ઉ. વ. ૨૪માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જ્યારે લીવર અમદાવાદના અમિતભાઈ મહેતા ઉ. વ. ૪૧માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

આ બન્ને કિડની અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડૉ જમાલ રીઝવી , ડૉ. પ્રાંજલ મોદી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં કાંતિભાઈના પત્ની કૈલાશબેન, પુત્રો કૌશિક અને મૌલિક, ભાઈ રમેશભાઈ, કાકા જીવરાજભાઈ, ભુપતભાઈ, બાલુભાઈ, સુરેશભાઈ તેમજ માંગુકિયા પરિવારના અન્ય સભ્યો, ન્યુરોફીઝીશ્યન ડૉ. ભરેશ માંગુકીયા, ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રા, આયુષ આઈ. સી. યુ. હોસ્પીટલના ચીફ મેડીકલ ઓફીસર ડૉ. રમેશ પટેલ તથા આયુષ આઈ. સી. યુ. હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, સુભાષ જોધાણી, દિગંત પચાલનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સામાજીક કેળવણી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૧૩૦ કિડની, ૪૪ લીવર, ૩ પેન્ક્રીઆસ, ૨ હૃદય અને ૧૧૪ ચક્ષુઓનો દાન મેળવીને ૩૦૨ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.


| Nilesh Mandlewala | Sandeep Kumar, IRS | Rakesh Jain | Ramesh Malpani |
|---|---|---|---|
| President | Vice President | Hon. Secretary | Hon. Treasurer |
| +91 98256 09922 | +91 81307 81031 | +91 98241 10349 | +91 98253 21626 |

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961